# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/091 Dt. 22/09/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા આયોજિત વિવનીટ એકઝીબીશન અને ગારમેન્ટ એન્ડ સોર્સિંગ એક્ષ્પોમાં એકઝીબીટર્સને રૂપિયા ૪૦૦ કરોડથી વધુનો બિઝનેસ મળ્યો

### ભારતની મુખ્ય કાપડની મંડીઓથી ફેબ્રિકસના મોટા ગજાના જેન્યુન બાયર્સ તેમજ સુરતના વેપારીઓ મળી ૧૨૭૨૪ જેટલા વિઝીટર્સે પ્રદર્શનની મુલાકાત લીધી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૨૦થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા 'વિવનીટ એકઝીબીશન– ૨૦૨૪' અને ગારમેન્ટ એન્ડ સોર્સિંગ એક્ષ્પો– ૨૦૨૪નું આજરોજ સમાપન થયું હતું. આ પ્રદર્શનમાં એકઝીબીટર્સને જેન્યુન બાયર્સનો અને સુરતના વેપારીઓનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સુરતના વિવર્સ અને નીટર્સને તેમજ ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવવા માગતા ઉદ્યોગ સાહસિકોને પ્લેટફોર્મ આપવાના હેતુથી કરવામાં આવેલા પ્રયાસને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો છે. બે વર્ષ દરમ્યાન આ વિવનીટ એકઝીબીશનને મળેલી સફળતાને પગલે આ વર્ષે ત્રીજું એડિશન યોજાયું હતું. ભારતની મુખ્ય કાપડની મંડીઓ જેવી કે ઇન્દોર, કટક, જયપુર, પૂણે, બનારસ, ગ્વાલિયર, હૈદરાબાદ, બેંગ્લોર, ચંડીગઢ, લુધિયાના, કોલકાતા, લખનઉ, ચેન્નાઇ, મુંબઇ અને દિલ્હીથી ફેબ્રિકસના મોટા ગજાના જેન્યુન બાયર્સ

તેમજ કોર્પોરેટ હાઉસના પરચેઝ મેનેજરો અને સુરતના વેપારીઓએ મુલાકાત લીધી હતી. બે દિવસ દરમ્યાન ૬૭૩૦ વિઝીટર્સે મુલાકાત લીધી હતી, જ્યારે આજે રવિવારના રોજ ૫૯૯૪ વિઝીટર્સે મુલાકાત લેતા ત્રણ દિવસમાં કુલ ૧૨૭૨૪ જેટલા જેન્યુન બાયર્સ અને વિઝીટર્સે પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

દેશની મુખ્ય કાપડ મંડીઓમાંથી આવેલા મોટા ગજાના બાયર્સનો એરજેટના પ્લેન વિસ્કોસ અને ફેબ્રિક્સ તથા રેપીયરના વિસ્કોસ ફેબ્રિકસમાં રસ દેખાયો હતો. નાયલોન ફેબ્રિક અને ટોપ ડાયડ સાડીઓની જેમ વોટરજેટના હોમ ફર્નીશીગના પ્લેન ફેબ્રિક, ડોબી ફેબ્રિકની પણ ખૂબ જ ડિમાન્ડ રહી હતી. સાથે જ વોટરજેટના વેલ્યુ એડીશન ફેબ્રિકસની ડિમાન્ડ વધારે જોવા મળી હતી. પ્રદર્શનમાં આવેલા કેટલાક ગારમેન્ટ મેન્યુફેકચરર્સે ડેનીમ ફેબ્રિકની માંગ કરી હતી, આથી પ્રદર્શનમાં ભાગ લેનારા એકઝીબીટર્સને આશરે રૂપિયા ૪૦૦ કરોડથી વધુનો બિઝનેસ મળ્યો હતો.

વિવનીટ એકઝીબીશનમાં હોસ્પિટલ કર્ટેન્સ (વોટર રિપેલન્ટ, એન્ટિ માઈક્રોબાયલ અને ફાયર રિટારડન્ટ), શાવર કર્ટેન્સ, ડ્રેપરીઝ બ્લેક–આઉટ અને વ્હાઇટ–આઉટ ફેબ્રિક, માઇક્રો ફાઇબર પોલિએસ્ટર ફેબ્રિક, માઇક્રો ફાઇબર બેડશીટ્સ, કમ્ફર્ટર ફેબ્રિક, માઇક્રો ફાઇબર ડ્યુવેટ ફેબ્રિક, માઇક્રો ફાઇબર ડ્યુવેટ્સ અને ડ્યુવેટ કવર્સ, પીલો કવર્સ, માઇક્રો ફાઇબર બેડસ્પ્રેડ, પ્લેટેડ માઇક્રો ફાઇબર બેડસ્કર્ટ્સ, ડિજીટલ પ્રિન્ટેડ બ્લેક આઉટ ફેબ્રિક અને અલ્ટ્રાસોનિક બ્લેકઆઉટ ફેબ્રિકનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત એકઝીબીશનમાં વિવિધ ફેબ્રિકસના આધુનિક કલેકશન્સ જેવા કે પ્લેન, ટવીલ, સાટીન, એપેરલ, હોમ ફર્નિશીગ, સિંગલ જર્સી, ડબલ જર્સી, નેટ્સ તથા રેપીયર જેકાર્ડથી બનેલી આઇટમ્સ જેવી કે ટોપ ડાયડ સાડી, ડાયબલ વિસ્કોસ સાડી, ડાયબલ નાયલોન સાડી, કર્ટન ફેબ્રિક, સોફા ફેબ્રિક, લુંગી ફેબ્રિક, બ્રોકેડ ફેબ્રિકસ અને ટેકનીકલ ટેકસટાઇલ્સના ઘણા ઓર્ડર્સ એકઝીબીટર્સને મળ્યા હતા.